# ખેડૂતોની સૌથી મોટી સમસ્યા ધિરાણ : રાહુલ

## અમરાવતી જિલ્લામાં રાહુલની સંવાદ પદયાત્રામાં લોકો ઉમટ્યા

મુંબઇ,તા. ૩૦

લાંબા સમય સુધી રજા પર રહ્યા બાદ હાલમાં જ પરત ફરેલા કોંગ્રેસના યુવરાજ રાહુલ ગાંધીએ હવે ખેડુતોના મુદ્દે નરેન્દ્ર મોદી સરકારને ભીંસમાં લેવા માટે એકપછી એક કાર્યક્રમ શરૂ કરી દીધા છે. જેના ભાગરુપે આજે રાહુલે ૧૫ કિલોમીટર લાંબી પદયાત્રા મહારાષ્ટ્રના વિદર્ભ પ્રદેશના અમરાવતી જિલ્લામાં યોજી હતી. મહારાષ્ટ્ર દેશના એવા રાજ્યોમાં સામેલ છે જ્યાં કૃષિ કટોકટી સૌથી ગંભીર પ્રકારની છે. અમરાવતી ડિવિઝનમાં આ વર્ષે જ મોટી સંખ્યામાં ખેડૂતો આત્મહત્યા કરી ચુક્યા છે. રાહુલ ગાંધીએ આજે અમરાવતીમાં ખેડૂતો સાથે વાત કરી હતી. તેમની વાત ગંભીરતાપૂર્વક સાંભળી હતી. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, ખેડૂતોમાં હાલ તેમને છોડી દેવામાં આવ્યા છે તેવી ભાવના પ્રવર્તી રહી છે. મહારાષ્ટ્ર સરકાર અને કેન્દ્ર સરકાર ખેડૂતોની અવગણના કરી રહી છે. ખેડૂતોમાં સામાન્ય ભાવના એવી છે કે, જે મદદ મળવાની હતી તે મળી રહી નથી. આત્મહત્યા કરનાર ખેડૂતો તેમની લોનની ચુકવણી ફરીથી કરી શક્યા ન હતા. આ મુખ્ય કારણ હતું. રાહુલે કહ્યું હતું કે, તેઓ અગાઉ પણ વિદર્ભમાં આવ્યા હતા પરંતુ આ વખતે સ્થિતિ જુદી છે. આ સરકાર ખેડૂતોની નહીં બલ્કે કેટલાક ઉદ્યોગપતિઓની છે. અમે મહારાષ્ટ્રના ખેડૂતોની સાથે છીએ. થોડાક દિવસ અગાઉ કૃષિ મંત્રીએ સંસદમાં કહ્યું હતું કે, માત્ર ત્રણ આત્મહત્યા થઈ છે. એમએસપીમાં



વધારો કરાયો નથી. બોનસ પણ અપાઈ રહ્યું નથી. ખેડૂતોની સૌથી મોટી સમસ્યા લોનની છે. તેમની મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લામાં સંવાદ પદયાત્રાને પૂર્ણ કર્યા બાદ રાહુલે આ મુજબની વાત કરી હતી. પદયાત્રામાં કોંગ્રેસના મોટી સંખ્યામાં કાર્યકરો અને ખાસ કરીને યુવા કોંગ્રેસના સભ્યો જોડાયા હતા. બેનરો, ધ્વજ અને પોસ્ટરો પણ દર્શાવ્યા હતા. ખેડૂતોએ જમીન બિલને લઈને વિરોધ કરવા બદલ રાહુલનો આભાર પણ માન્યો હતો. તેમના પાકને થયેલા નુકસાન અંગે રાહુલને માહિતી આપવામાં આવી હતી. કેટલાક ખેડૂતોએ રાહુલ સાથે વાત પણ કરી હતી. રાહુલે હીરાપુર ગામમાં ખેડૂતો સાથે વાત કરી હતી. અગાઉ આજે રાહુલ ગાંધીની મહારાષ્ટ્રમાં પદયાત્રા શરૂ થઈ હતી. ૧૫ કિલોમીટર લાંબી પદયાત્રામાં તેઓએ ખેડુતો સાથે જુદા જુદા વિષય પર વાત કરી હતી. મહારાષ્ટ્રના વિદર્ભ પ્રદેશના અમરાવતી જિલ્લામાં તેમની પદયાત્રા શરૂ થઈ હતી. ગુજી ગામથી તેમની પદયાત્રા શરૂ થઈ હતી. મોટી સંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો અને નેતાઓ તેમની સાથે જોડાઈ ગયા હતા. વિદર્ભ પ્રદેશમાં કૃષિ કટોકટીની સ્થિતીને સપાટી પર લાવવાના હેતુથી તેઓએ પદયાત્રા કરી કરી હતી. હાલમાં રાહુલે પંજાબમાં ટ્રેનમાં યાત્રા કરી હતી. પંજાબના ખેડુતો સાથે વાતચીત કરી હતી. ખેડતોની તકલીફ તરફ ધ્યાન ન આપવા બદલ રાહુલે કેન્દ્રમાં રહેલી નરેન્દ્ર મોદી સરકાર અને મહારાષ્ટ્ર સરકારની જોરદાર ટિકા કરી હતી. મહારાષ્ટ્ર કોંગ્રેસના પ્રમુખ અશોક ચવાણ અને અન્ય ટોપ નેતાઓ પણ રાહુલની સાથે જોડાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધીએ ગઈકાલે લોકસભામાં ખેડૂતો અને મજૂરોની તકલીફનો મુદ્દો ઉઠાવ્યો હતો અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપર સીધા આક્ષેપો કર્યા હતા. રાહુલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મેક ઈન ઈન્ડિયા પહેલની જોરદાર ઝાટકણી કાઢતા કહ્યું હતું કે, ખેડૂતો આ ઝુંબેશમાં સૌથી મોટા યોગદાન આપનાર તરીકે રહ્યા છે પરંતુ તેઓ હવે નિઃસહાય બની ગયા છે. મોદી હવે મેક ઈન ઈન્ડિયાની વાત કરી રહ્યા છે. કેન્દ્ર સરકારે ખેડૂતોને મદદ કરવા તરત પગલા લેવા જોઈએ. ખેડૂતો ભારતની કરોડરજ્જુ સમાન છે. રાહુલે એમ પણ કહ્યું હતું કે, ખેડૂતોને જ્યા પણ અન્ય થશે જશે. તેમની પીડાને સમજશે.

# ઈન્કમટેક્સ ફોર્મ ટૂંક સમયમાં વધુ સરળ બને તેવા સાફ સંકેત

નવીદિલ્હી,તા. ૩૦

ઈન્કમ ટેક્સના ફોર્મને ટૂંકમાં જ વધુ સરળ બનાવવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. આ સંદર્ભમાં માંગણી શરૂ થઈ ચુકી છે. કરદાતાઓ માટે ઈન્કમટેક્સના ફોર્મને સરળ બનાવવાની માંગણી ભાજપના સભ્ય દ્વારા આજે કરવામાં આવી હતી. વ્યક્તિગતની ગુપ્તતા ઉપર કોઈ અસર થશે નહીં પરંતુ વર્તમાન ફોર્મ કરતા પણ આને વધુ સરળ કરાશે. આ ફોર્મમાં તમામ બેંક ખાતા અને વિદેશી પ્રવાસ અંગેની માહિતી આપવાની રહેશે. શૂન્ય કલાક દરમિયાન આ માંગણી ઉઠાવતા ભાજપના વિજય ગોએલે કહ્યું હતું કે, કરદાતાઓ માટે આવક વેરા વિભાગના બે ફોર્મ છે જે પૈકી એક ફોર્મ પાંચ પાનામા અને અન્ય ફોર્મ ૧૪ પાનામાં છે. આ ફોર્મમાં વ્યક્તિગતોના તમામ બેંક ખાતાઓની વિગત માંગવામાં આવી છે. સાથે સાથે આ વર્ષ દરમિયાન કરવામાં આવેલા વિદેશ પ્રવાસની વિગત પણ માંગવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે, વિગતો વધારે પડતી માંગવામાં આવી છે. બેંક ખાતાઓ અને વિદેશી પ્રવાસની વિગત આપવાને લઈને લાખો કરદાતાઓ મુશ્કેલીનો સામનો કરી શકે છે. કરદાતાની વ્યક્તિગત ગુપ્તતાને જાળવી રાખવામાં આવે તે ખુબ જરૂરી છે. ભાજપના નેતા વિજય ગોયેલે કહ્યું હતું કે, ફોર્મને સરળ કરવાની જરૂર છે. વધુ સરળરીતે જોવામાં આવે તો ફોર્મને બે પાનામાં બનાવવામાં આવે તે જરૂરી છે. આનાથી તમામ કરદાતાઓને રાહત થશે. ગોયેલે કહ્યું હતું કે, નાણામંત્રાલયે આ મામલામાં ધ્યાન આપ્યુ છે અને આશા છે કે, દેશમાં લાખો કરદાતાઓને રાહત આપવામાં આવશે.

અન્ય મુદાને ઉઠાવતા જયા બચ્ચને કહ્યું હતું કે, કેટલાક બનાવો હાલમાં બની રહ્યા છે. આવી સ્થિતિમાં ધારાધોરણને વધુ સરળ બનાવવામાં આવે તે ખુબ જરૂરી છે. સરકારે પણ સંકેત આપ્યા છે કે, ટૂંક સમયમાં જ ઈન્કમટેક્સના ફોર્મને સરળ બનાવી દેવામાં આવશે. ભાજપના સભ્યો આના માટે દબાણ લાવી રહ્યા છે. ઈન્કમટેક્સના ફોર્મને લઈને વારંવાર રજૂઆતો થતી રહી છે. સાથે સાથે ટેક્સ કાયદાઓને લઈને પણ ચર્ચા થતી રહી છે. મોદી સરકારે હંમેશા કહ્યું છે કે, કરવેરાની વ્યવસ્થાને વધુ સરળ બનાવવામાં આવશે. સાથે સાથે કરવેરાને લોકો સરળતાથી સમજી શકે તે પ્રકારના બનાવી દેવામાં આવશે.

**શિવસેનાનો મોદી સરકારને પડકાર**

# જમીન અધિગ્રહણને જમ્મુ કાશ્મીર શરૂ કરવા પડકાર

નવીદિલ્હી,તા. ૩૦

જટિલ જમીન બિલને લઇને કેન્દ્ર સરકારની જોરદાર ઝાટકણી કાઢતા એનડીએના ઘટક પક્ષ શિવસેનાએ આજે જમ્મુ કાશ્મીરથી જમીન અધિગ્રહણની શરૂઆત કરવા મોદી સરકારને ખુલ્લો પડકાર ફેંક્યો હતો. પાર્ટીએ કહ્યું છે કે, કેન્દ્ર સરકાર આ બિલને પ્રતિષ્ઠાનો મુદ્દો બનાવી ચુકી છે. તેમની રજૂઆતોની અવગણના કરીને દેશમાં કોઇપણ જગ્યાએથી ખેડૂત પાસેથી જમીન લઇ લેવામાં આવી રહી છે. જમ્મુ કાશ્મીરમાં આ સાહસનો પરિચય સરકાર આપી રહી નથી. કલમ ૩૭૦ના કારણે જમ્મુ કાશ્મીરમાં સરકાર ઉદાસીન દેખાઈ રહી છે. કેન્દ્ર સરકાર સંસદમાં કહી ચુકી છે કે, તેના મહત્વના બિલ જમીન અધિગ્રહણ બિલ દેશભરમાં લાગૂ કરાશે. જમ્મુ કાશ્મીર સિવાય દેશભરમાં આ બિલને યોગ્ય રીતે અમલી બનાવાશે. શિવસેનાએ કહ્યું છે કે, જમ્મુ કાશ્મીરને વિકાસની જરૂર છે. કલમ ૩૭૦ વિકાસથી રોકે છે. સરકારની લડાઈ અલગ દેખાઈ રહી છે. જમ્મુ કાશ્મીરને તેના પોતાના દેશ તરીકે ગણીને તેની સાથે વર્તન કરવામાં આવી રહ્યું છે. જમ્મુ કાશ્મીરથી જમીન અધિગ્રહણની શરૂઆત કરવા શિવસેનાએ તેના મુખપત્ર સામનામાં સરકારને પડકાર ફેંક્યો છે.

**દિવ્ય ફાર્મસી સામે પગલા લેવાની સભ્યોની માંગ**

# બાબા રામદેવની દવાને લઈ રાજ્યસભામાં ફરી હોબાળો

નવીદિલ્હી, તા. ૩૦

રાજ્યસભામાં આજે ભારે અંધાધૂંધીની સ્થિતિ જોવા મળી હતી. યોગગુરુ બાબા રામદેવની હાલ ચર્ચા જગાવી રહેલી ઈનફર્ટીલીટી દવા દિવ્યપુત્ર જીવતને લઈને ભારે હોબાળો મચેલો છે. દિવ્ય ફાર્મસી દ્વારા આ દવાનું વેચાણ કરવામાં આવી રહ્યું છે. જનતા દળ યુનાઈટેડના નેતા કેસી ત્યાગીએ આ મુદ્દો ઉઠાવ્યો હતો અને આક્ષેપ કર્યો હતો કે, આ પ્રકારની દવાઓના વેચાણથી લોકો ગેરમાર્ગે દોરાય છે. પુત્રનો જ જન્મ થાય તેવી કોઈપણ ગેરન્ટી રહેલી નથી. દિવ્ય ફાર્મસી દ્વારા પુત્રનો જન્મ થશે તેવી ખાતરી સાથે દવા વેચવામાં આવી રહી છે. દિવ્ય ફાર્મસી સામે તપાસ કરવાની માંગ પણ કરવામાં આવી હતી. યોગગુરુના નામનો ઉલ્લેખ કર્યા વગર તેમણે પ્રશ્ન કર્યો હતો કે, ભારત સરકાર જો વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડાયનેમિક લીડરશીપ હેઠળ છે તો આ બાબત સાબિત કરવી જોઈએ.



ધાંધલ ધમાલના દોર વચ્ચે સમાજવાદી પાર્ટીના જયા બચ્ચને પેકેટ લાવીને આરોગ્યમંત્રી જેપી નડ્ડાને સોંપ્યું હતું. કેટલાક વિરોધ પક્ષના સભ્યોએ આ પ્રકારની પ્રોડક્ટમાં વેચાણ સામે વાંધો ઉઠાવ્યો હતો અને પગલા લેવાની માંગ કરી હતી. ત્યારબાદ આરોગ્યમંત્રીએ કહ્યું હતું કે, આ મામલે આયુષ વિભાગનો છે છતાં સરકાર ધ્યાન આપશે અને યોગ્ય પગલા લેશે. પુત્ર જીવત બિયા નામની દવાનો મામલો જોરદારરીતે ઉછાળવામાં આવ્યો હતો. નડ્ડાએ કહ્યું હતું કે, મામલો ખુબ જ ગંભીર છે. સરકાર સેક્સ રેસિયોને લઈને ખુબ જ ગંભીર છે. વડાપ્રધાન પોતે બેટી બચાવો બેટી પઢાવો અભિયાનને ટેકો આપી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હરિયાણા સહિતના રાજ્યોમાં પુત્ર અને પુત્રીઓના મામલે શરૂઆતથી જ હોબાળો રહ્યો છે. પુત્રીઓને જન્મ આપવાને લઈને પણ રુઢિવાદીઓ વાંધો ઉઠાવી ચુક્યા છે જેથી થોડાક સમય પહેલા જ વડાપ્રધાને બેટી પઢાવો બેટી બચાવો અભિયાનની શરૂઆત કરાવી હતી અને પુત્રીઓના મહત્વની વાત કરી હતી.

# ૧૦ કરોડ સભ્યો સાથે ભાજપ વિશ્વની સૌથી મોટી પાર્ટી



નવીદિલ્હી,તા. ૩૦

ભાજપ પ્રમુખ અમિત શાહે આજે જાહેરાત કરી હતી કે, પાર્ટી વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી બની ચુકી છે. તેમણે દાવો કર્યો હતો કે, ૧૦ કરોડના સંખ્યાબળ સાથે મેમ્બરશીપ ધરાવનાર ભાજપ એક માત્ર પાર્ટી છે. કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઈના આઠ કરોડ સભ્યો ધરાવે છે જેની સામે ભાજપ હવે ૧૦ કરોડ સભ્ય ધરાવે છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં એક પત્રકાર પરિષદને સંબોધતા અમિત શાહે કહ્યું હતું કે, તેઓ આ માહિતી આપતા ખુશી અને ગર્વ અનુભવ કરી રહ્યા છે કે, ભાજપ વિશ્વની સૌથી મોટી પાર્ટી બની ચુકી છે. ભાજપ એક માત્ર એવી પાર્ટી છે જેની આંતરિક લોકશાહી છે. સંસ્થાકીય ચૂંટણીઓ પણ સમયબદ્ધરીતે યોજાય છે. ગયા વર્ષે પહેલી નવેમ્બરના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા લોંચ મહત્વકાંક્ષી ઓનલાઈન મેમ્બરશીપ ઝુંબેશને અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે. મોદીએ પહેલી નવેમ્બરના દિવસે મોબાઈલ ટેલિફોન નંબર ઉપર ફોન કર્યા બાદ પ્રથમ સભ્ય બનાવીને આની શરૂઆત કરાવી હતી. પાર્ટીએ હાઈટેક સિસ્ટમ પણ રજૂ કરી છે જેના ભાગરુપે માત્ર મોબાઈલ નંબર ડાયલ કરીને કોઈ વ્યક્તિ ભાજપના સભ્ય બની શકે છે. પશ્ચિમ બંગાળમાં સુધરાઈની ચુંટણીમાં ટીએમસીની જીત અને ભાજપની હાર અંગે વાત કરતા તેમણે કહ્યું હતું કે, જો રાજ્ય પોલીસ ચૂંટણી દરમિયાન ગોઠવાયા ન હોત તો પરિણામો કંઈ જુદા રહ્યા હોત શાહે એમ પણ કહ્યું હતું કે, જ્યારે આગામી ચૂંટણીના સમયમાં કેન્દ્રીય દળો પશ્ચિમ બંગાળમાં ગોઠવવામાં આવશે ત્યારે પરિણામ જુદા રહેશે. ભાજપે આક્ષેપ કર્યો હતો કે, તૃણમુલ કોંગ્રેસે શક્તિ દર્શાવીને સુધરાઈ ચૂંટણીમાં જીત મેળવી લીધી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પશ્ચિમ બંગાળમાં શાસક ટીએમસીએ મંગળવારના દિવસે કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં જોરદાર સપાટો બોલાવ્યો હતો. ૧૪૪ વોર્ડના કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ટીએમસીએ બોર્ડ જાળવી રાખવામાં સફળતા મેળવી હતી. ૧૧૪ બેઠકો જીતીને ત્રણ ચતુર્થાંશ બહુમતિ મેળવી હતી. સીપીઆઈએમના નેતૃત્વમાં ડાબેરી મોરચાએ ૧૫ અને ભાજપે સાત બેઠક જીતી હતી. કોંગ્રેસને પાંચ બેઠક મળી હતી. રાજ્યભરમાં અન્યત્ર તૃણમુલ કોંગ્રેસે ૯૧ પૈકી ૭૦ સિવિક સંસ્થાઓમાં જીત મેળવી હતી. ભાજપની લોકપ્રિયતા દિન પ્રતિદિન વધી રહી છે. આગામી દિવસોમાં પણ તેની લોકપ્રિયતામાં વધુ વધારો થાય તેવા સંકેત દેખાઈ રહ્યા છે. મોદી લહેર વચ્ચે ભાજપે ગયા વર્ષે મે મહિનામાં શાનદાર જીત હાસલ કરી હતી.

**શાર્લી એબ્દોના કાર્ટુનિસ્ટ દ્વારા જાહેરાત કરાઇ**

# પેગમ્બરના કાર્ટુન હવે બનાવશે નહી : લુઝે અંતે કરેલ જાહેરાત

પેરિસ,તા. ૩૦

ફ્રાન્સના લોકપ્રિય મેગેઝીન શાર્લી અબ્દોના કાર્ટુનિસ્ટ લુઝે કહ્યું છે કે તે હવે પેગમ્બરના કાર્ટુન બનાવશે નહી. લુઝે મેગેઝીનની ઓફિસ પર હુમલો કરવામાં આવ્યા બાદ શાર્લી અબ્દોના કવર પિક્ચર માટે પેગમ્બરના કાર્ટુન બનાવ્યા હતા. મેગેઝીનના ઓફિસ પર ઈસ્લામિક ત્રાસવાદીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં ૧૨ લોકો માર્યા ગયા હતા. શાર્લી અબ્દો એક




ટિકાત્મક પત્રિકા છે. જે કાર્ટુન મારફતે રાજકીય-સામાજિક મુદ્દા પર ટકોર કરે છે. લુઝે બુધવારે એક વેબસાઈટને આપેલી મુલાકાતમાં કહ્યું છે કે પેગમ્બરના કાર્ટુન બનાવવામાં હવે તેને કોઈ રસ નથી. પેગમ્બરના કાર્ટુન બનાવીને તેઓ હવે પરેશાન થઈ ગયા છે. નિકોલસ સર્કોજીના કાર્ટુન પણ મોટા પાયે લુઝે બનાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે ત્રાસવાદી તેમનાથી જીત્યા નથી બલ્કે હારી ગયા છે. લુઝે કહ્યું હતુ કે ત્રાસવાદી એ વખતે જીતી ગયા હોત જ્યારે ફ્રાન્સના લોકો ડરી ગયા હોત. પરંતુ આવુ થયું નથી. ત્રાસવાદીઓ આ વર્ષે પેરિસમાં શાર્લી અબ્દોના ઓફિસ પર હુમલો કરવામાં સફળ રહ્યા હતા. જેમાં ૧૨ લોકો માર્યા ગયા હતા. ત્રાસવાદીઓનુ કહેવુ છે કે પેગમ્બરના અપમાનનો બદલો લેવા માટે હુમલા કરવામાં આવ્યા હતા. હુમલો કરવામાં આવ્યા બાદ પણ મેગેઝીના સ્ટાફના સભ્યો લડાયક મુડમાં રહ્યા હતા અને આગામી એડિશનમાં ફરી એકવાર કવર પેજ પર પેગમ્બરના કાર્ટુન પ્રકાશિત કર્યા હતા. આ કાર્ટુન પણ લુઝે જ બનાવ્યા હતા. શાર્લી અબ્દોના એડિશને ધુમ મચાવી હતી અને ૬૦,૦૦૦ નકલો વેચાઇ ગઇ હતી.

# વધુ ૩૧ દેશોને ઈ-ટ્યુરિસ્ટ વિઝા સ્કીમનો લાભ મળશે

નવીદિલ્હી,તા. ૩૦

ફ્રાન્સ અને કેનેડા સહિત વધુ ૩૧ દેશોને ઈ-ટ્યુરિસ્ટ વિઝા આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આનાથી આ દેશોના નાગિરકો ભારતમાં સરળતાથી પ્રવેશ કરી શકશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તાજેતરમાં જ ફ્રાંસ અને કેનેડાની યાત્રાથી પરત ફર્યા છે. ગયા વર્ષે નવેમ્બર મહિનામાં ઈ-ટ્યુરિસ્ટ વિઝાની શરૂઆત કરવામાં આવી હતી. નવ નિયુક્ત ભારતીય વિમાની મથકોથી ૪૫ દેશોના નાગરિકો માટે આ સેવા શરૂ કરાઈ હતી. નવેસરના ૩૧ દેશોને ઉમેરી દેવામાં આવતા આ સ્કીમ હેઠળ આવી ગયેલા દેશોની સંખ્યા વધીને ૭૬ થઈ ગઈ છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, તબક્કાવારરીતે આવનાર દિવસોમાં આ સ્કીમને વધુ દેશોમાં લંબાવવામાં આવશે. મોદીના નેતૃત્વમાં ભાજપ સરકાર આ નાણાંકીય વર્ષના અંત સુધી ૧૫૦ દેશોના નાગરિકોને આ સુવિધા હેઠળ આવરી લેવાની યોજના ધરાવે છે. ઈ-વિઝા મળવાની સ્થિતિમાં ભારતની યાત્રા કરનાર લોકોને ઓછી અડચણોનો સામનો કરવો પડશે.

**ભેખડો ધસી પડવાના બનાવોથી લોકો પરેશાન**

# ઋષિકેશ-બદ્રીનાથ હાઈવે બંધ : શ્રદ્ધાળુઓ અટવાયા

દેહરાદૂન,તા. ૩૦

ઉત્તરાખંડના ચમોલીમાં પવિત્ર તીર્થ સ્થળ બદ્રીનાથના રસ્તામાં ભેખડો ધસી પડવાથી ૪૦૦૦થી પણ વધુ યાત્રીઓ ફસાઈ ગયા છે. ૩૦૦મીટર સુધીના રસ્તાઓ તુટી ગયા છે. ચારધામની યાત્રાને પણ માઠી અસર થઈ છે.



જેના પરિણામ સ્વરુપે લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. વિષ્ણુપ્રયાગ ખાતે ભેખડો ધસી પડવાના કારણે ઋષિકેશ-બદ્રીનાથ હાઈવેને બંધ કરવાની ફરજ પડી છે. બદ્રીનાથ તરફ દોરી જતા માર્ગને બંધ કરાતા ચારધામની યાત્રા ઉપર ગયેલા લોકો મુશ્કેલી અનુભવી રહ્યા છે. લોકપ્રિય ચારધામની યાત્રા શરૂ થઈ ચુકી છે. કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી, યમનોત્રીમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચી ચુક્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઉત્તરાખંડના મુખ્યમંત્રી હરીશ રાવત પણ ૨૬મી એપ્રિલના દિવસે બદ્રીનાથ મંદિરમાં દર્શન કરવા માટે પહોંચ્યા હતા.


બદ્રીનાથના દ્વાર ખોલી દેવામાં આવ્યાના કલાકો બાદ જ તેઓ પહોંચ્યા હતા. શ્રદ્ધાળુઓ માટે આ મંદિરને ૨૬મીએ ખોલી દેવામાં આવ્યું હતું. શ્રદ્ધાળુઓ પાંડુકેશ્વરથી તેમની યાત્રા શરૂ કરી ચુક્યા છે. કેટલાક લોકો ચાલતા પણ જઈ રહ્યા છે. ચારધામની યાત્રામાં બદ્રીનાથ યાત્રાનું વિશેષ મહત્વ રહેલું છે. ખરાબ હવામાનની સ્થિતિ હોવા છતાં આ વખતે પુરતી તકેદારી રાખવામાં આવી રહી છે. આ સપ્તાહની શરૂઆતમાં કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધી, રાવત અને કોંગ્રેસના નેતા અંબિકા સોની પણ કેદારનાથ પહોંચ્યા હતા. ચારધામની યાત્રા શિયાળના છ મહિના દરમિયાન બંધ રાખવામાં આવે છે.અત્રે ઉલ્લેખનીય છે કે, ઉત્તરાખંડમાં બદ્રીનાથના દ્વાર ૨૬મીએ વહેલી પરોઢે ધાર્મિક માહોલ અને વિશેષ પુજા અર્ચના વચ્ચે ખુલી ગયા હતા. વહેલી સવારે શ્રદ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી.

**રાજસ્થાન રોયલ્સ સામેની મેચમાં સિદ્ધિ મેળવી**

# ટ્વેન્ટી-૨૦માં ધરખમ ક્રિસ ગેઈલના ૫૦૦ છગ્ગા થયા

નવીદિલ્હી,તા. ૩૦

વેસ્ટઈન્ડિઝના સ્ટાર બેટ્સમેન ક્રિસ ગેઈલ ટ્વેન્ટી-૨૦ ક્રિકેટમાં ૫૦૦ છગ્ગા ફટકારનાર હજુ સુધીનો પ્રથમ ક્રિકેટર બની ગયો છે. પોતાની ૨૦૧મી ટી-૨૦ ગેમ રમતા ગેઈલે આ સિદ્ધિ મેળવી હતી. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે બેંગ્લોરમાં રમાયેલી મેચ દરમિયાન ન્યુઝીલેન્ડના ઝડપી બોલર ટીમ સાઉથીની બોલિંગમાં છગ્ગો ફટકારીને ગેઈલે આ સિદ્ધિ મેળવી હતી.



જો કે, આગલા જ બોલે તે વધુ એક છગ્ગા ફટકારવાના પ્રયાસમાં આઉટ થઈ ગયો હતો. વર્લ્ડ પ્રિમિયર ટ્વેન્ટી-૨૦ લીગની આ એડિશનમાં ગેઈલ છ મેચોમાં ૧૪ છગ્ગા ફટકારી ચુક્યો છે. આ યાદીમાં રહેલા અન્ય ખેલાડીમાં વિન્ડિઝના જ કિરોન પોલાર્ડનો સમાવેશ થાય છે. તે ૩૪૮ છગ્ગા લગાવી ચુક્યો છે. પોલાર્ડ હાલમાં મુંબઈ ઈન્ડિયન્સ તરફથી રમી રહ્યો છે. ૩૫ વર્ષીય આરસીબીનો ખેલાડી ૧૩મી મેના દિવસે ૨૦૦ આઈપીએલ છગ્ગા ફટકારનાર પ્રથમ ખેલાડી બની ગયો હતો. સનરાઈઝ હૈદરાબાદ સામે રમીને ગેઈલે આ સિદ્ધિ મેળવી હતી. ટી-૨૦માં આ સિદ્ધિ ઉપરાંત ગેઈલ વનડેમાં સૌથી ઝડપી બેવડી સદીના મામલામાં પણ રેકોર્ડ ધરાવે છે.

વર્લ્ડકપમાં હાલમાં જ રમાયેલી પુલ મેચ દરમિયાન ઝિમ્બાબ્વેના બોલરોને મેદાનની ચારેતરફ ફટકારીને ગેઈલે ૨૦૦ રન ફટકાર્યા હતા. ગેઈલે ૧૩૮ બોલમાં આ રન ફટકાર્યા હતા. ક્રિસ ગેઈલ હાલમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં રમી રહ્યો નથી. વિન્ડિઝ અને ઈંગ્લેન્ડ વચ્ચે ટેસ્ટ શ્રેણી રમાઈ રહી છે પરંતુ તેમાં તેની પસંદગી કરવામાં આવી નથી. આઈપીએલમાં તે હાલ રમી રહ્યો છે. અલબત્ત તેનો દેખાવ આઈપીએલમાં પણ અપેક્ષા કરતા નબળો રહ્યો છે. સૌથી વધુ રન કરનાર ખેલાડીઓની યાદીમાં તે રહ્યો નથી પરંતુ સૌથી વધુ છગ્ગા ફટકારનાર ખેલાડી બની ગયો છે.